ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 13th December, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

## ગગનમાં કાલે જોવા મળશે " જેમીનીડ ઉલ્કાવર્ષા"

ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા સાંજે ૮ : ૪૫ કલાક થી ૧૦.૦૦ કલાક સુધી તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપ દ્વારા નિહાળવાની વ્યવસ્થા. કરાશે

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

બ્રહ્માંડ અગણિત રહસ્યોનો ખજાનો છે. જેમાં અનેક ગ્રહો, આકાશગંગા, લઘુગ્રહો રહેલા છે. માનવી માટે આ દરેકને સમજવા અને જાણવા જરૂરી છે. કારણકે તેમની સાથે આપણી શ્રદ્ધા કે અંધ શ્રદ્ધા જોડાયેલી હોય છે. માનવી આ ખરતા તારાનું વિજ્ઞાન જાણતો ન હોવાથી તે કોઈ ખરતા તારને નિહાળી વિચારે છે કે આ તેની ઈચ્છાઓ પૂરી કરશે. જયારે માનવી એ પોતાની ઈચ્છા પૂરી કરવા માટે સખત પરિશ્રમ કરવો પડે છે..

માણસને ખરતા તારાનું વિજ્ઞાન સમજાવી શકે એવી જ એક અદભૂત ખગોળીય ઘટના જે આગામી તા. ૧૩, ૧૪ અને ૧૫ ડીસેમ્બર, ૨૦૧૭ ના રોજ આકાર પામવા જઈ રહી છે. આપણે ક્યારેક આકાશમાંથી અસંખ્ય તારાઓને ખરતા જોઈએ છીએ પરંતુ વાસ્તવમાં તારાઓ કદી ખરતા નથી. જે ખરે છે તેને "ઉલ્કા" કહેવામાં આવે છે. આખા વર્ષ દરમ્યાન અનેક ઉલ્કાવર્ષા જોવા મળે છે. પરંતુ આ વખતે ઉલ્કાવર્ષા મિથુન એટલે કે જેમીનીડ રાશિમાં બનવાની હોવાથી આને " જેમીનીડ ઉલ્કાવર્ષા" કહેવામાં આવે છે.

જેમીનીડ ઉલ્કાવર્ષાને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેની વ્યવસ્થા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પ્રેરિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ સાંજે ૮ : ૪૫ કલાક થી ૧૦.૦૦ કલાક સુધી તખ્તેશ્વર મંદિર ખાતે કરવામાં આવશે. જેમીનીડ ઉલ્કાવર્ષા વિષેની વધારે માહિતી ભાવનગરના ખગોળ ક્ષેત્રના માહિતગાર શ્રી સુભાષભાઈ મહેતા દ્વારા આપવામાં આવશે.

ભાવનગરના ખગોળરસીક જનતાને આ ઘટનાના નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

(હર્ષદ જોષી) 13-12-17

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.